**RCS NO.- 58/2025**

**<u>નામદાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,</u>**

**<u>મુ. માંગરોળ, જિ. સુરત</u>**

**<u>રે.દિ.મુ.નંબર – ૫૮/૨૦૨૫</u>**

| |
|---|
| વાદી તરફે વિ.વ.શ્રી વાય.એ. લુણાત<br>પ્રતિવાદી તરફે વિ.વ. – કોઇ નથી |

**–:: આંક–૦૫ ની દરમ્યાન મનાઇ અરજી નીચેનો હુકમ::–**

આ કામ ના વાદી દ્ધારા હાલની અરજી આપી તેઓ જણાવે છે કે માંગરોળ ના ગામ નંદાવ નો જુનો બ્લોક નંબર–૩૫૯ સર્વે નંબર–૩૯ તથા હાલનો નવો બ્લોક નંબર–૧૨૪ જેનુ માપ ૦–૧૮–૬૯ હે.આ.ચો.મી. વાળી મિલકત પ્રતિવાદી ના વડીલ પિતા નવનિતલાલ શાહ નાઓએ વાદીના પિતા મફતભાઈ નાગરભાઈ વસાવાનાઓ સાથે નજીક ના સબંધ હોય તેઓના પિતાએ દાવવાળી મિલકત વેચાણ થી રાખેલી અને તેની વાદીઓને જાણ છે અને વાદીઓનો માલિકી કબ્જો ભોગવટો ચાલી આવેલ છે.

વધુમાં જણાવે છે કે તેઓનો પ્રતિવાદીઓના પિતા સાથે કૌટુંબિક સબંધ હોય અને વાદીઓના પિતા કે જેઓ આદિવાસી વસાવા જાતિના હોય અને પ્રતિવાદી ભણેલા ગણેલા હોય સરકારી નોકરી કરતા હોંશીયાર માણસો હોય તેઓની જાતિ ને ધ્યાને રાખી તેઓને જણાવતા કે મિલકત નો દસ્તાવેજ કરી આપવાથી ૭/૧૨ માં તમારુ નામ દાખલ થવાથી ૭/૧૨ મા ૭૩–એએ લાગુ પડી જશે અને મિલકત ની કશી કિંમત નહિ આવે અને કોઇપણ રીતે વેચાણ તબદિલ થશે નહિ અને તે માટે તમારે કલેકટર સાહેબ ની પરવાનગી મેળવવી પડશે તેવુ સમજાવી તેઓને દસ્તાવેજ કરી આપેલ નહિ અને તેઓને

વારંવાર વિશ્વાસ અને ભરોસો આપતા કે જો મિલકત વેચવી હશે તો તેઓ કહેશે તેને દસ્તાવેજ કરી આપશે.

આમ દાવાવાળી મિલકત તેઓના કબ્જા ભોગવટા માં ચાલી આવેલ છે અને આ દાવાવાળી મિલકત ની આજુ-બાજુ ના ખેડુતો કે જેઓ નોટરી એડવોકેટ રુબરુ હાજર થઇ સોગંધનામા કરી આપેલ છે અને તેઓની ફોઇ દ્ધારા પણ દાવાવાળી મિલકત ની રકમ ચુકવ્યા ની હકિકત જાણ મા હોવા સબંધે નુ સોગંધનામુ કરી આપેલ છે તેમજ તેઓ દાવાવાળી મિલકત માં ખેતી કામ કરી શેરડી પકવતા હોય સુગર ફેકટરી ના વાઉચર તથા વજન પાવતીઓ તેમજ બ્લોક નંબર-૧૨૪ ના પાડોશી રામસિહ ધિરજભાઇ પરમાર નુ તેની પાસેથી પાણી મેળવી શેરડી બનાવી હતી તે મતલબ નુ સોગંધનામુ તેઓએ પુરાવા સ્વરુપે રજુ રાખેલ છે.

વધુમાં જણાવે છે કે નંદાવ ગામ મા નવા ઉધોગો સ્થાપિત થઇ રહ્યા છે અને દાવાવાળી મિલકત ની સારી કિંમત આવે તેમ હોય પ્રતિવાદીઓનો ઇરાદો અને બદદાનત મિલકત જુટવી લેવાની જણાય છે અને તેઓ દાવાવાળી મિલકત ઉપર આવી ને વાદીઓની જાણ બહાર માપણી કરાવતા હોય તેઓના કબ્જા માં ગેરકાયદેસર રીતે ધુસી જવાનો પ્રયત્ન કરી રહેલ હોય વાદી નંબર-૦૧ નાએ પ્રતિવાદી પૈકી દિપકકુમાર નાઓ વિરુધ્ધ પોલિસ ફરીયાદ કરેલી. તેથી દાવાનુ કારણ ઉપસ્થિત થયેલ હોવાનુ જણાવી હાલનો દાવો કરેલ છે અને દાવો ચાલતા ધણો સમય જાય તેમ હોય દરમ્યાન મનાઇ હુકમ મેળવવા અરજ કરેલ છે.

આ કામે પ્રતિવાદી ને સમંસ ની બજવણી થવા છતા તેઓ હાજર રહેલ ન હોય તેઓનો હકક બંધ કરવામાં આવેલ છે.

આ કામે વાદી દ્ધારા આંક-૧૩ થી મનાઇ અરજીના સમર્થનમાં વિગતવાર લેખીત દલિલો રજુ કરેલ છે જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવેલ વિગતો ને સમર્થન કરેલ છે અને તેઓની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

આમ વાદી દ્ધારા રજુ કરેલ દાવા અરજી તથા દલિલો ધ્યાને લેતા તેમજ રજુ કરેલ દસ્તાવેજ જોતા આ કામે વાદી દ્ધારા હાલની દાવા અરજી

દાવાવાળી મિલકત પ્રતિવાદીઓના પિતાએ તેના પિતાને વેચાણ આપેલી તેવુ જણાવેલ છે અને તે સમયે પ્રતિવાદીઓના પિતા દ્વારા વાદીના પિતાને એવુ જણાવી દસ્તાવેજ કરી આપેલ નહી કે વાદીના પિતા આદિવાસી જાતીના છે અને જો તેઓના નામઉપર દાવાવાળી જમીન કરવામાં આવશે તો તેને ૭૩–એએ નો બાધ નડશે અને વાદીના પિતા કલેકટરની પરવાનગી વગર આ જમીન વેચી શકશે નહી તેવુ જણાવેલ આથી દાવાવાળી જમીન તેઓના નામ ઉપર કરવામા આવેલ નહી તેવુ વાદીનુ જણાવવુ છે ત્યારે વાદી દ્વારા હાલના દાવાની વિગતો સાબિત કરવા માટે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો તેઓ દ્વારા ત્રાહિત પક્ષકારોના સોગંધનામા સિવાય દાવાવાળી જમીન ની ખરીદી પ્રતિવાદીઓના પિતા પાસેથી વાદીઓના પિતાએ કરેલી તેવુ દર્શાવતો કોઇ દસ્તાવેજ આ કામે રજુ કરવામાં આવેલ નથી તેમજ દાવાવાળી જમીન ની કિંમત કેટલા રૂપિયા ચુકવેલી તે પણ જણાવેલ નથી તેમજ વાદી દ્વારા રજુ કરેલા ગામ નમુના નંબર–૦૭ તથા વેરા ભરેલ પાવતી જોવામાં આવે તો તેમા પ્રતિવાદીના નામ જણાય છે. ત્યારે વાદી દ્વારા તેઓનો કેસ પ્રાયમાફેસી પુરવાર કરેલો ન હોય હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી આથી અરજી સબંધે નિચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. આથી વાદી ની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામ ને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ ૦૬મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**માંગરોળ** **(જે.એસ. પરમાર)**

**તા. ૦૬/૦૩/૨૦૨૬** **પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**
**માંગરોળ, જિ. સુરત**
**(Judge Code: GJ01155)**